# Makhan Chor Gujarati Song Lyrics - Kinjal Dave

હે ભોળા ના ભગવાન નંદ બાવા ના લાલ
હે માખણ ના ચોર નાર જસોદા ના કાંન
હે ભોળા ના ભગવાન નંદ બાવા ના લાલ
માખણ ના ચોર નાર જસોદા ના કાંન
તને રિઝાવે તારા તને રિઝાવે તારા
તને રિઝાવે તારા બાળ

એ ઠાકર રહેજો રાજી ઠાકર રહેજો રાજી
હા ઠાકર રહેજો રાજી રાજી ઠાકર રહેજો રાજી
હો ભોળા ના ભગવાન નંદ બાવા ના લાલ
માખણ ના ચોર નાર જસોદા ના કાંન...

હો થઇ ગોવાળ વાલા ગાયો તે ચારી
ચિત્તડાં લીધ્યા ચોરી મોરાલી
હો તારી લીલા ને વાલા અમે લીધી જાણી
કેમ કે પીધા અમે તારા એઠા પાણી
નરસૈયાના રામ કર્યાં તમે એના કામ
સુદામા નો સંગાથ

એ ઠાકર રહેજો રાજી ઠાકર રહેજો રાજી
એ કાના રહેજો રાજી વાલા રહેજો રાજી
હો ભોળા ના ભગવાન નંદ બાવા ના લાલ
માખણ ના ચોરનાર જસોદા ના કાંન...

હો બંગલા ગાડી આજ રૂપિયે રમાડી
તારી દયા એવી રોજ મિષ્ઠાન જમાડે
હો ચાલે મારુ જીવન તારા આધારે
કરું સેવા પુણ્ય એ તારા પ્રતાપે
અમારા માથે રહે અમારા માથે રહે
અમારા માથે તારો હાથ

એ ઠાકર રહેજો રાજી ઠાકર રહેજો રાજી
વાલીડા રહેજો રાજી તમે રહેજો રાજી
હો નવઘણ મુંધવા ને તારો છે આધાર
મારા ઉપર હરિ લાખો ઉપકાર
તને રિઝાવે તારા તને રિઝાવે તારા
તને રિઝાવે તારા બાળ

એ ઠાકર રહેજો રાજી ઠાકર રહેજો રાજી
હા ઠાકર રહેજો રાજી રાજી ઠાકર રહેજો રાજી
એ ઠાકર રહેજો રાજી ઠાકર રહેજો રાજી....